

# અટલજીની અલવિદા

**અટલ મૃત્યુથી વાજપેયી આખરે હાર્યા : ૯૩ વર્ષની વયે અવસાન : છેલ્લા નવ સપ્તાહથી એમ્સમાં સારવાર હેઠળ રહ્યા બાદ નિધન**

**દેશના ત્રણ વાર વડાપ્રધાન રહેલા : ભારત રત્નથી સન્માનિત વાજપેયીએ ૫.૦૫ વાગે અંતિમ શ્વાસ લીધા**

નવી દિલ્હી,તા. ૧૬

કાલ કે કપાલ પર લિખને મિટાને વાળો અટલ અવાજ આજે હંમેશ માટે ખામોશ થઇ જતાં દેશભરમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું આજે બપોર બાદ એમ્સમાં સારવાર દરમિયાન અવસાન થયું હતું. તેઓ ૯૩ વર્ષના હતા. વાજપેયીને યુરિન ઇન્ફેક્શન અને કિડની સંબંધિત તકલીફના કારણે ૧૧મી જૂનના દિવસે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડાયાબિટીસની તકલીફ પણ તેમને હતી. વાજપેયી છેલ્લા ઘણા સમયથી એક જ કિડની પર ચાલી રહ્યા હતા. શરીરના અનેક ભાગ વધતી વયના કારણે કામ કરવાનું બંધ કરી ચુક્યા હતા. છેલ્લા બે દિવસથી તેમની તબિયત ખુબ બગડી ગઈ હતી. ત્યારબાદથી

જ તેમના આરોગ્યને લઇને કોઇ આઘાતજનક સમાચાર આવશે તેને લઇને છેલ્લા ૨૪ કલાકથી લોકો ચિંતિતરીતે વિચારી રહ્યા હતા અને આખરે આંજે પાંચ વાગે ચિંતા મુજબ જ નિરાશાજનક સમાચાર આવ્યા હતા અને વાજયેપીના અવસાન અંગેના સમાચાર જાહેર કરવામાં આવ્યા હતા. તેમના આરોગ્યને લઇને બુધવારથી જ તબિયત બગડી હતી. છેલ્લા ૨૪ કલાકથી તેમની તબિયત ખુબ જ ગંભીર હતી. આજે સવારે મેડિકલ બુલેટિન જારી કરીને કહેવામાં આવ્યું હતું કે, તેમની તબિયતમાં કોઇપણ સુધારો થઇ રહ્યો નથી. ત્યારબાદ એમ્સમાં તેમને મળવા માટે લોકો આવી રહ્યા હતા. છેલ્લે ૨૦૧૫માં તેમનો ફોટો સપાટી ઉપર આવ્યો હતો જ્યારે તેઓ ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના આવાસ ઉપર જઇને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કર્યા હતા. ડો. રણદીપ ગુલેરિયા છેલ્લા ત્રણ દશકથી વાજપેયીની તબિયત ઉપર નજર રાખી રહ્યા હતા. એમ્સમાં પણ તેમની ટીમ વાજપેયીની તબિયત નજર રાખી રહી હતી. દેશના પૂર્વ વડાપ્રધાન ડિમેન્શિયા નામની બિમારીથી ગ્રસ્ત હતા. આ બિમારીમાં કોઇપણ વ્યક્તિ ભુલવાની ટેવ ધરાવે છે અને વિચારવા અને સમજવાની શક્તિ ગુમાવી દે છે. ડિમેન્શિયા

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૮ | ૧૭ ઓગસ્ટ, ૨૦૧૮, શુક્રવાર; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અટલ યુગનો અંત : દેશભરમાં ઘેરોશોક

**દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક : આજે અંતિમવિધિ થશે : બપોરે ૧.૩૦ વાગે ભાજપ ઓફિસથી અંતિમ યાત્રા**

નવીદિલ્હી, તા. ૧૬

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના અવસાન બાદ આજે સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી હતી. વાજપેયીના નિધનથી દેશમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. બીજી બાજુ દિલ્હીમાં આવતીકાલે તમામ બજારો, દુકાનો બંધ રહેશે. વાજપેયીના સન્માનમાં આ નિર્ણય કરાયો છે. આશરે છ દશક સુધી ભારતીય રાજનીતિના સ્તંભ તરીકે રહી ચુકેલા ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પાટનગર દિલ્હીમાં એમ્સમાં મૃત્યુ પામ્યા છે. તેમના આયુષ માટે તમામ પ્રકારની દુઆઓ અને પ્રાર્થનાઓ કરવામાં આવી હતી પરંતુ આ પ્રાર્થના અને પૂજા પણ કામ લાગી ન હતી અને આજે વાજપેયીનું નિધન થયું હતું. ભાજપના નેતા લાલજી ટંડને આજે કહ્યું હતું કે, તેમને એવી કોઇ વ્યક્તિ મળી નથી કે જે વ્યક્તિએ એમ કહ્યું હોય કે તેઓ અટલ બિહારી વાજપેયીને મળવા ગયા હતા અને તેમને મળી શક્યા ન હતા. લોકોને મળવાને લઈને તેઓ ખુબ સંવેદનશીલ રહેતા હતા. વાજપેયીએ અમૌસી વિમાની મથકે વિમાન હાઈજેકને લઈને પણ ખુબ જ સફળતાપૂર્વક ઓપરેશન હાથ ધર્યું હતું. પ્લેન હાઈજેકરે વિમાનને ફૂંકી મારવાની ધમકી આપી હતી પરંતુ સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, જો અટલ બિહારી વાજપેયી આવી જાય તો તેઓ તમામ યાત્રીઓને છોડી દેશે. જેથી જો વડાપ્રધાન સાથે ચાલશે તો તમામ યાત્રીઓની જાન બચી જશે. લખનૌના તત્કાલિન ડીએમ અને રાજયપાલ મોતીલાલ વોરાના સલાહકાર ગભરાઈને ગેસ્ટ હાઉસમાં પહોંચ્યા હતા અને લાલજી ટંડનને કહ્યું હતું કે, તેઓ વાજપેયીને મળવા માંગે છે. આના પર ભાજપના નેતાઓએ કહ્યું હતું કે, વાજપેયી ભોજન કરી લેશે ત્યારે વાતચીત થઈ જશે પરંતુ ડીએમ અને રાજયપાલે ઈમરજન્સી હોવાની વાત કરી ત્યારે વાતચીત થઈ હતી અને આ લોકો દરવાજો ખોલીને વાજપેયીને મળવા પહોંચી ગયા હતા. એકાએક પહોંચેલા ડીએમને જોઈને વાજપેયીએ આવવા માટેનું કારણ પુછ્યું હતું. ડીએમે વાત કર્યા બાદ કોઈ આગળ વાત થાય તે પહેલા જ વાજપેયીએ ભોજન છોડી દીધું હતું અને ડીએમની સાથે ચાલવા તૈયાર થઈ ગયા હતા. ભાજપના નેતાઓ ઈન્કાર કરી રહ્યા હતા પરંતુ વાજપેયી માન્યા ન હતા. તે વખતે લખનૌમાં કોઈ ખાસ સુવિધા ન હતી જેથી વાજપેયી એરપોર્ટના એક ટાવર પાસે પહોંચ્યા હતા. સંપર્ક થતાંની સાથે જ વાજપેયીએ હાઈજેકર સાથે વાત કરી હતી. હાઈજેકરે અટલ બિહારી વાજપેયીનો અવાજ સાંભળ્યો ત્યારે કહ્યું હતું કે, તમે અટલ બિહારી વાજપેયી નથી. એવું નક્કી થયું કે

● અનુસંધાન પાન-૭ પર



## નિશબ્દ છું , શૂન્યમાં છું : મોદી

નવીદિલ્હી,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન રાજનાથસિંહ સહિત તમામ વરિષ્ઠ નેતાઓએ વાજપેયીના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને અન્ય રાજકીય પાર્ટીઓના નેતાઓએ પણ વાજપેયીના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં કહ્યું છે કે, તેઓ નિશબ્દ છે. શૂન્યમાં છે. વાજપેયીના અવસાનની સાથે જ એક અટલ યુગનો અંત આવ્યો છે. વાજપેયી હમેશા પ્રેરણા સમાન રહેશે. વાજપેયીના અવસાન અંગે અન્ય તમામ નેતાઓએ પણ આ પ્રકારની પ્રતિક્રિયા આપી છે. તેમના પાર્થિવ શરીરને મોડેથી નિવાસસ્થાન ઉપર લઈ જવામાં આવ્યા બાદ શ્રદ્ધાંજલિનો દોર શરૂ થયો હતો. પાર્ટી ઓફિસ ઉપર ધ્વજને અડધી કાઢીએ કરી દેવામાં આવ્યો હતો. પાર્ટીના કાર્યકરોમાં દુખનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા ૧૧મી જૂનથી એમ્સમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેમની તબિયત સતત બગડી રહી હતી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે, વાજપેયી તમામ માટે એક પ્રેરણા સમાન હતા. તેમના વગર ભારતીય રાજનીતિની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.



## વાજપેયી દૂરદર્શિતા-અદ્‌ભૂત નેતૃત્વ ધરાવતા હતા : કોવિંદ

**રાજકીય પક્ષોની શ્રદ્ધાંજલિ : આજે ભારતે એક મહાન પુત્ર ગુમાવી દીધો : રાહુલ ગાંધી**

નવી દિલ્હી,તા. ૧૬

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના અવસાનની સાથે જ જુદા જુદા રાજકીય પક્ષોએ પણ શ્રદ્ધાંજલિ આપી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વાજપેયીના અવસાન અંગે દુખ વ્યક્ત કરતા કહ્યું છે કે, વાજપેયી ભારતીય રાજનીતિની મહાન હસ્તી હતી. વિલક્ષણ નેતૃત્વ, દૂરદર્શીતા, અદભુત ભાષણ તેમને વિશાળ વ્યક્તિત્વ પ્રદાન કરતા હતા. તેમના વિરાટ અને સ્નેહશીલ વ્યક્તિત્વ અમારુ સ્મૃતિઓમાં હમેશા રહેશે. બીજી બાજુ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ વાજપેયીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું છે કે, ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના વ્યક્તિત્વ મૈત્રીત્વના ગુણ તેમના નેતૃત્વમાં સામેલ હતા જેને લાંબા સમય સુધી યાદ કરવામાં આવશે. નાયડુએ કહ્યું હતું કે, તેઓ અસલી આઝાદ શત્રુ હતા જે સમાજના તમામ વર્ગોની સાથે રહ્યા હતા. તેઓ પહેલા બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા જે સ્થિર સરકાર આપી શક્યા હતા. સિદ્ધાંતોની રાજનીતિની એક નવી પરિભાષા તેઓએ બેસાડી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પણ વાજપેયીને આઝાદ શત્રુ તરીકે ગણાવ્યા હતા.

## મનમોહનસિંહે તો વાજપેયીને ભીષ્મ પિતામહ ગણાવ્યા હતા

**કારગિલ, પાકિસ્તાન મુદ્દે હંમેશા યાદ કરાશે : વાજપેયીની પાસે તમામ પોતાની મનની વાતો કરતા હતા વાજપેયીએ લગ્ન કર્યા ન અને નમિતા દત્તક લીધી હતી**

નવીદિલ્હી, તા. ૧૬



પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને આજે એમ્સમાં બે મહિના સુધી સારવાર હેઠળ રહ્યા બાદ અવસાન થયું હતું. વાજપેયી એક એવી હસ્તી હતા જેમનું તમામ લોકો સન્માન કરતા હતા. પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનમોહનસિંહે એક વખતે રાજ્યસભામાં પોતાના સંબોધન દરમિયન વાજપેયીને ભારતીય રાજકારણના ભીષ્મપિતામાહ તરીકે ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, ભીષ્મપિતામાહ મહાભારતના કાળ દરમિયાન એ હસ્તી હતા જેમની પાસે કૌરવ અને પાંડવ બંનેના લોકો પહોંચતા હતા અને તેમની તમામ પીડાઓ રજૂ કરતા હતા.

## સ્વતંત્રતા દિને મોદીની ન્યુ ઈન્ડિયા બનાવવા અપીલ

**ઐતિહાસિક લાલ કિલ્લા પરથી પાંચમીવાર સંબોધન : ભ્રષ્ટાચાર, ખેડુત, જીએસટી, રોજગાર અને ત્રિપલ તલાક સહિત મુદ્દા ઉઠાવીને સિદ્ધીઓ ગણાવી**

નવી દિલ્હી,તા. ૧૬

સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તેમના પાંચમા સંબોધનમાં તમામ મુદ્દાને આવરી લીધા હતા. મોદીએ પોતાના ભાષણમાં ભ્રષ્ટાચાર, ખેડુત, જીએસટી, રોજગાર અને ત્રિપલ તલાક સહિતના તમામ મુદ્દાને સામેલ કરીને સરકારની સિદ્ધીઓ ગણાવી હતી. સાથે સાથે લોકસભા ચૂંટણીને લઈને પોતાની પ્રાથમિકતા પણ નક્કી કરી હતી. સાથે મોદીએ તમામ માટે ઘર, વીજળી, પાણી, આરોગ્યના વચન આપ્યા હતા. મોદીએ આ દર્શાવવાના પ્રયાસ પણ કર્યા હતા કે યુપીએ સરકારની વિપરિત દેશમાં ફેરફાર લાવવા માટે તેઓ તેઓ ઉત્સુક અને બેચેન છે. મોદીએ પોતાને ફેરફાર લાવવા માટેના હિરો તરીકે રજૂ કરીને તમામ વાત કરી હતી. મોદીએ પોતાના ૮૨ મિનિટના ભાષણમાં



પ્રધાનમંત્રી જન આરોગ્ય અબિયાન, ગગનયાન અને સેનામાં પુરૂષોની જેમ મહિલાઓને સ્થાયી સેવા આપવાની જાહેરાત કરી હતી. વડાપ્રધાને પોતાના ભાષણમાં અનેક વખત ૨૦૧૩ની સ્થિતીની સાથે હાલની સ્થિતીની સરખામણી

● અનુસંધાન પાન-૭ પર

## વર્ષ ૨૦૦૫માં અટલજીએ સક્રિય રાજનીતિમાંથી લીધો સન્યાસ

પોતાના પાંચ વર્ષ પૂરા કર્યા બાદ એનડીએ ગઠબંધન પૂરા આત્મવિશ્વાસ સાથે અટલ બિહારી વાજપેયીજીના નેતૃત્વમાં ૨૦૦૫ ની ચૂંટણીમાં ઉતર્યુ પરંતુ આ વખતે કોંગ્રેસના નેતૃત્વમા યુપીએ ગઠબંધને સફળતા મેળવી અને સરકાર બનાવવામાં સફળ રહી. ડિસેમ્બર ૨૦૦૫ માં અટલ બિહારી વાજપેયીજીએ સક્રિય રાજકારણમાંથી સન્યાસ લેવાની ઘોષણા કરી દીધી.

## અટલ બિહારી વાજપેયી હેમા માલિનીના મોટા પ્રશંસક હતા

ન્યુ દિલ્હી,તા.૧૬

તેમની લખેલી કવિતાઓ આજે પણ મનમાં જોશ ભરવા માટે પૂરતી છે. વાજપેયી લખવા-વાંચવા ઉપરાંત ફિલ્મ જોવાનું પણ પસંદ કરતા હતા અને તે પણ એક્ટ્રેસ હેમા માલિનીની ફિલ્મો. હેમા માલિકીના એક ઈન્ટરવ્યૂ દરમિયાન આ વાતનો ખુલાસો થયો હતો કે વાજપેયી તેના મોટા ફેન હતા.

ભાજપની સાંસદ હેમા માલિનીએ વિતેલા વર્ષે મથુરામાં એક કાર્યક્રમ દરમિયાન પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી સાથે જોડાયેલ અનેક રહસ્યો ખોલ્યા હતા. હેમા માલિનીએ જણાવ્યું કે. અટલ બિહારી વાજપેયીને તેની એક ફિલ્મ એટલી પસંદ આવી કે તેમણે ૨૫ વખત જોઈ હતી.










